સૌરાષ્ટ્ર આજતક

રાજકોટમાં ક્લસ્ટર રોજગાર ભરતી મેળાનો શુભારંભ કરાવતા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા

રાજ્ય સરકાર યુવાનો અને મહિલાઓને રોજગારી માટે સતત પ્રયત્નશીલ: મંત્રી

રાજકોટ,

"પ્રિ-વાઈબ્રન્ટ સમીટ એકટીવિટી"અંતર્ગત "ક્લસ્ટર રોજગાર ભરતી મેળા"નો શુભારંભ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ દિપ પ્રાગટ્ય વડે કરાવ્યો હતો.

આ પ્રસંગે મંત્રી શ્રી કુવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર યુવાનો-મહિલાઓને રોજગારી મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ યુવાઓના અભ્યાસ-રોજગાર અને તેમના સંર્વાગી વિકાસ માટે પુરતી તકોનું નિર્માણ કરવા માટે કાર્યરત છે. આગામી દિવસોમાં રાજકોટ ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સ થકી અનેક નવી રોજગાર અને વિકાસની તકો યુવાનોને મહિલાઓને પ્રાપ્ત થશે.

ધારાસભ્યશ્રી દર્શિતાબેને કહ્યું હતું કે, આવનારા સમયમાં રાજકોટમાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સના કારણે રોજગારીની અનેક નવી તકો ઊભી થશે જે આવનારા સમયમાં યુવાનોના ભવિષ્યને વધુ ઉજ્જવળ અને સક્ષમ બનાવશે.

ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે વાઈબ્રન્ટ ગુજરાત જેવી ઈવેન્ટ્સના કારણે મહત્તમ કંપનીઓ સૌરાષ્ટ્ર કચ્છમાં સ્થપાશે જેના કારણે ઘર આંગણે રોજગારનો લાભ દરેક યુવાનને મળશે. તમામ લોકોને રોજિંદા જીવનમાં સ્વદેશી વસ્તુઓના ઉપયોગ કરવા ધારાસભ્યશ્રી ટીલાળાએ અનુરોધ કર્યો હતો

નિયામકશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગર અને મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી - રાજકોટ, જિલ્લા રોજગાર વિનિમય કચેરી - જામનગર, દેવભૂમી દ્વારકા અને પી.ડી.માલવિયા કોલેજ ઓફ કોમર્સ- રાજકોટના સંયુક્ત ઉપક્રમે માલવિયા કોલેજના કેમ્પસમાં યોજાયેલા આ ભરતી મેળામાં મંત્રી શ્રી બાવળીયાએ તમામ સ્ટોલની રૂબરૂ મુલાકાત લઈ, કંપનીઓની કામગીરી વિશે માહિતી મેળવી હતી. આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી ઉત્પલ જોશી અને જિલ્લા કલેકટર ડૉ. ઓમ પ્રકાશે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું

અત્રે ઉલ્લેખનીય છે કે આ રોજગાર ભરતી મેળામાં અંદાજિત ૬૦ થી વધુ કંપનીઓ અને ૧૧૦૦ જેટલી પોસ્ટ માટે ૧૦૦૦ થી વધુ રજીસ્ટ્રેશન થયું હતું.આ પ્રસંગે સંસ્થાના ચેરમેન ઘનશ્યામભાઈ હેરભા, ટ્રસ્ટી શ્રી બાબુભાઈ ખીમાણીયા, શ્રી મયુરભાઈ ખીમાણીયા, રોજગાર અધિકારી શ્રી ચેતના મારડિયા, રાજકોટ જામનગર દ્વારકા તથા રાજકોટ જિલ્લાના તમામ તાલુકાની આઈ.ટી.આઈ. ના પ્રિન્સિપલશ્રીઓ સહિત વિવિધ કંપનીના પ્રતિનિધિઓ-કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસનાં યુવા નેતા રોહિતસિંહ રાજપૂતની મોરબી હળવદ, માળીયા મિયાણાના પ્રભારી તરીકે નિમણુંક

રાજકોટ,

આવનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને લઈ કોંગ્રેસ હવે સંગઠનની મજબૂતી માટે કમર કસી રહી છે અને સાથોસાથ જન સવાંદ-પરિવર્તનનો શંખનાદ કાર્યક્રમ પણ ગુજરાત વ્યાપી શરૂ કર્યો છે ત્યારે ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખ દ્વારા તાલુકા,નગરપાલિકા અને શહેર-જિલ્લા દીઠ કોંગ્રેસના આગેવાનોને સંગઠનની જવાબદારીઓ સોંપવામા આવી રહી છે.

ત્યારે કોંગ્રેસ પાર્ટીએ યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપતી મહત્વપૂર્ણ નિમણૂંક કરતા મોરબી, હળવદ અને માળિયા મિયાણા શહેર/નગરપાલિકાના પ્રભારી તરીકે કોંગ્રેસ લડાયક વિદ્યાર્થી નેતા તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઝોનલ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતની નિમણૂંક કરી છે.

આ નિમણૂંક એ બાબતનું સ્પષ્ટ સંકેત છે કે કોંગ્રેસ પાર્ટી કર્મનિષ્ઠ અને સંઘર્ષશીલ યુવાનોને મહત્વ આપે છે. યુવા કાર્યકરો પર વિશ્વાસ મૂકી તેમને જવાબદારી સોંપવી એ કોંગ્રેસની દૃષ્ટિ અને ભવિષ્યની સંગઠનાત્મક દિશા દર્શાવે છે. આવનારા સમયમાં પ્રદેશ સંગઠનમાં પણ અનેક યુવાનોને મહત્વપૂર્ણ સ્થાન મળશે તેવી સંભાવના છે, જેનાથી પાર્ટી વધુ મજબૂત અને ગતિશીલ બનશે.

આ નિમણૂંક બદલ રોહિતસિંહ રાજપૂતે કોંગ્રેસ લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીજી, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેજી, ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકજી તથા ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિતભાઈ ચાવડાજીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું કે ખૂબ નાની વયે કોંગ્રેસ પાર્ટીએ મારા પર વિશ્વાસ મૂક્યો છે, જે કોઈ નાની બાબત નથી - તે બદલ હું પાર્ટીનો હૃદયપૂર્વક આભારી છું.આ મોટી જવાબદારીને હું સંપૂર્ણ કર્તવ્યનિષ્ઠા, ઈમાનદારી અને સંઘર્ષભાવના સાથે નિભાવવાનો દ્રઢ સંકલ્પ કરું છું. કોંગ્રેસની વિચારધારા અને સંગઠનને મજબૂત બનાવવાના કાર્યમાં હું સતત સમર્પિત રહી, પાર્ટી દ્વારા મૂકવામાં આવેલ વિશ્વાસને સાર્થક કરી બતાવીશ.

આદિત્ય સ્કુલે ૨૦૨૬ના નવા વર્ષના આગમનને ઉમંગભેર ઉજવ્યું

રાજકોટ,

રાજકોટ વોર્ડ નં.૨ના ચુડાસમા પ્લોટમાં આવેલ આદિત્ય સ્કુલે ૨૦૨૬ના નવા વર્ષની ઉજવણી વિવિધ શણગાર કે.જી.થી ધો.૮ના વિદ્યાર્થીઓની વિવિધ રમતમગમતો યોજીને નવા વર્ષ ૨૦૨૬ના આગમનને ઉમંગભેર ઉજવ્યું હતું. પ્રાંસગિક પાંચ રમત ગમતોમાં વિવિધ વર્ગમાં આયસા પિંજારા, મોડ ઝેન, માહિ રાઠોડ, સાહેદી અર્સિયા, સોની તાનિયા, વિશ્વકર્મા અંજલી, રાઠોડ પ્રિન્સ, સબીબી આમેના, મીણાપરા મહેંક, અલમીરા સંઘવાણી, મામરી રાબિયા બસરી, મીણા વિદ્યા, વ્યાસ ઘનશ્યામ, પોરિયા પ્રતિજ્ઞા, મોર ધ્રુવિલ, ઓડ શાનિયા, ડોંડા ભૂમિ, ગોસ્વામી શિવમ, ચૌહાણ દક્ષરાજ, સોની વિનોદ વગેરે છાત્રો પ્રથમ નંબરે વિજેતા થયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષિકા બહેનો રીનાબેન, ક્રિશ્ચીયન, ભાવિશાબેન બાટવિયા, જયશ્રીબેન વ્યાસ વગેરે જહેમત ઉઠાવી હતી.

ગીર સોમનાથ જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

વેરાવળ,

મુખ્યમંત્રી દ્વારા નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે 'સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ' કાર્યક્રમ યોજવામાં આવે છે. ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૨ જાન્યુઆરી ચોથા ગુરુવારે સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ઈણાજ, જિલ્લા સેવા સદન ખાતે યોજાશે.

જિલ્લા કલેક્ટર એન.વી.ઉપાધ્યાય અને સંબંધિત ખાતાના અધિકારી ઓ ઉપસ્થિત રહી અરજદારોના પ્રશ્નો સાંભળશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવાપાત્ર હોય તેવા પડતર પ્રશ્નો કલેક્ટર કચેરી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ-તાલાલા રોડ, ઈણાજ વેરાવળ ખાતે સીધા પણ રજૂ કરી શકશે.

નાગરિકોએ જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન અરજી અંગ્રેજી માસની તા.૧ થી તા.૧૦ સુધીમાં કરવી. નાગરિકોએ પ્રશ્નો, રજૂઆતો, ફરિયાદો સાથે જરુરી વિગતો અને પુરાવાઓ સાથે રજૂ કરવા. તાલુકા કક્ષાએ જે અરજીઓનો નિકાલ ન થયો હોય તેવી અરજીઓનો જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સમાવેશ થશે. એક જ સમયે અનેક વિષયોને લગતી રજૂઆત કરવી નહિ.

ગીર સોમનાથ જીલ્લા સમાજ કલ્યાણ અધિકાર તરીકે રામાણીની નિમણુંક

વેરાવળ,

ગીર સોમનાથ ના જય સોમનાથ સ્વૈચ્છિક સંસ્થા સેવા મંડળ પ્રમુખ શ્રી અરજણભાઈ ભજગોતર ના વડપણ હેઠળ ગાંધીનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના કેબિનેટ મંત્રી શ્રી ડો.પ્રદયુમનભાઈ વાજા ને મંડળ ના જવાબદાર હોદેદારો રૂબરૂ મુલાકાત કરી રજુઆત કરવા મા આવતા રજુઆત લોકહીત ની હોય ગ્રાહ્ય રાખી ગીર સોમનાથ જિલ્લા સમાજકલ્યાણ અધિકાર શ્રી રામાણીની નિમણૂક કરતા સૌએ સરકાર શ્રી અને વિશેષ મંત્રી શ્રી નો આભાર વ્યક્ત કર્યો છે

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ડોડીયાળામાં જળસંચય અંગે વિશેષ ગ્રામસભા મળી

પાણીના ટીપે-ટીપાનો સંગ્રહ એ જ આવનારી પેઢીની સાચી મૂડી: દિલીપભાઈ સખીયા

રાજકોટ,

જસદણ તાલુકાના ડોડીયાળા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે ૩૧ ડિસેમ્બરને બુધવારે સાંજે ૬ કલાકે બુટ ભવાની મંદિરના સાનિધ્યમાં એક વિશાળ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના ખેડૂતો દ્વારા પહેલી જ મીટીંગમાં ૫ લાખ નો ફાળો થયો. વરસાદી પાણીના સંગ્રહ અને જળસંચયના મહત્વ અંગે ગ્રામજનોમાં જાગૃતિ લાવવાના ઉદેશથી યોજાયેલ આ ગ્રામસભામાં ગ્રામજનોએ ખૂબ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ગીરગંગા પરિવાર ટ્રસ્ટ છેલ્લા ઘણા સમયથી જળસંચયના ક્ષેત્રમાં ભગીરથ કાર્ય કરી રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ગુજરાતભરમાં ૮,૩૦૦થી વધુ ચેકડેમોની મરામત, ઊંડા ઉતારવા અને નવા બાંધકામ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. ટ્રસ્ટનો મુખ્ય સંકલ્પ ૧,૧૧,૧૧૧ જળ સંરક્ષણ માળખાઓ ઉભા કરવાનો છે. આ પ્રવૃત્તિઓથી સૌરાષ્ટ્રના અનેક ગામોમાં ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવ્યા છે, જેનાથી હજારો એકર જમીનને સિંચાઈનો લાભ મળ્યો છે અને ખેડૂતો આર્થિક રીતે સદ્ધર બન્યા છે.

ગ્રામજનોની વિશાળ ઉપસ્થિતિમાં યોજાયેલ આ સભામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ અને 'જલયોદ્ધા' તરીકે જાણીતા શ્રી દિલીપભાઈ સખીયાએ જણાવ્યું હતું કે, પાણી એ માત્ર જરૂરિયાત નથી, પણ જીવનનો આધાર છે. જો આપણે આજે વરસાદી પાણીના ટીપે-ટીપાને જમીનમાં ઉતારતા નહીં શીખીએ, તો ભવિષ્યમાં આપણી આવનારી પેઢી તરસતી રહેશે. જળસંચય એ કોઈ સરકારી કાર્યક્રમ નહીં પણ આપણું સામાજિક ઉત્તરદાયિત્વ છે. શ્રી દિલીપભાઈએ નિર્દેશ કર્યો હતો કે, ગામનું પાણી ગામમાં અને ખેતરનું પાણી ખેતરમાં રોકાય તે માટે દરેક ખેડૂતે બોર રિચાર્જ અને ખેત તલાવડી જેવા જળસંચયના પ્રકલ્પો અપનાવવા પડશે. આપણી મહેનતથી થયેલો પાણીનો સંગ્રહ જ ગામને ખરા અર્થમાં આત્મનિર્ભર બનાવશે. આ પ્રસંગે ગામના સરપંચશ્રી દામજીભાઈ વાડોદરિયા, તાલુકા પંચાયત સદસ્ય વિપુલભાઈ ત્રાપસીયા, સામાજિક આગેવાન વિનોદભાઈ સખીયા, નીલેશભાઈ સખીયા, નાગજીભાઈ વાડોદરિયા, બાબુભાઈ રામાણી (અમેરિકા), દિલીપભાઈ ધ્રુક વગેરે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તેરા તુજકો અર્પણ: ગીર સોમનાથ પોલીસે ચોરી/ગુમ થયેલા મોબાઈલ પરત અપાવ્યા

વેરાવળ,

વેરાવળ વિભાગ હેઠળ આવેલા વેરાવળ, પ્રભાસ પાટણ, સુત્રાપાડા, તાલાલા પોલીસ દ્વારા પડી ગયેલ તથા ખોવાઇ ગયેલા મોબાઈલ ફોન શોધી કુલ ૫૦ મોબાઈલ ફોન મુળ માલીકને પરત આપી પ્રસંસનીય કામગીરી કરેલ છે.

જુનાગઢ રેન્જ આઇ.જી.પી. નિલેશ જાજડીયા, જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા દ્વારા નાગરિકો ના પડી ગયેલ, ખોવાઈ ગયેલ મોબાઈલ ફોન શોધવા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પરત આપવા સૂચના આપતા નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર ની રાહબરી હેઠળ વેરાવળ વિભાગમાં આવેલા વેરાવળ, પ્રભાસ પાટણ, સુત્રાપાડા, તાલાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પડી ગયેલ ખોવાઈ ગયેલ મોબાઈલ ફોન શોધવા થાણા અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપેલ જે અનુસંધાને વેરાવળ પોલીસ સ્ટેશનના ૧૯ મોબાઈલ, પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના ૧૧ મોબાઈલ, તાલાલા પોલીસ સ્ટેશનના ૧૦ મોબાઈલ, સુત્રાપાડા પોલીસ સ્ટેશનના ૧૦ મોબાઈલ મળી કુલ ૫૦ મોબાઈલ ફોન ટેકનિકલ મદદ લઈ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ઈઉઈછ પોર્ટલની મદદથી અરજદારોના મોબાઈલ ફોન શોધી કાઢી નાયબ પોલીસ અધિક્ષક ના અધ્યક્ષ સ્થાને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયેલ જેમાં મોબાઈલ પરત સોંપી આપેલ છે.

વેરાવળ એસ.ટી.ડેપો ખાતે આયોજિત નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો

વેરાવળ,

સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં 'નેશનલ રોડ સેફટી મંથ-૨૦૨૬'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગ રૂપે વેરાવળ એસ.ટી. ડેપો ખાતે ડેપો ડ્રાઈવરો સહિતના કર્મચારીઓની નિઃશૂલ્ક મેડિકલ તપાસ કરવામાં આવી હતી.

જી.એસ.આર.ટી.સી અને આયુષ હોસ્પિટલ જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે વેરાવળ ડેપોના ડ્રાઇવર/ કંડક્ટર/મિકેનીક/ વહીવટી ટ્રાફિક સ્ટાફ / એપ્રેન્ટિસ સહિતના તમામ કર્મચારીઓ ની ફ્રી મેડિકલ તપાસ કરવામાં આવી હતી.આ ચેકઅપ કેમ્પમાં બ્લડપ્રેશર, શુગર, ઓક્સિજન લેવલ ની ચકાસણી કરવામાં આવી હતી. આ કેમ્પમાં ૯૦ થી વધુ કર્મચારીઓએ લાભ લીધો હતો. આયુષ હોસ્પિટલના મેડિકલ સ્ટાફ દ્વારા આરોગ્ય લક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાજકોટમાં બે દિવસ ગીતાજ્ઞાન ઉત્સવનું ભવ્ય આયોજન

રાજકોટ,

રાજકોટના આંગણે પુષ્ટિ સંસ્કારધામ સમિતિના ઉપક્રમે આગામી તા.૧૦ અને તા.૧૧ના પૂ. ગોસ્વામી શ્રી પીયૂષબાવાશ્રી દ્વારા ગીતાજ્ઞાન મહોત્સવનું દિવ્ય આયોજન કરવામાં આવેલ છે.

ભગવદ્ વાણી, શ્રીમદ્ ભગવત ગીતાની જીવનમાં કોઈપણ દ્રષ્ટિકોણથી સર્વ શ્રેષ્ઠ ઉપયોગિતાને વિવિધ સંપ્રદાયો, ચિંતકો, મહાપુરુષો વગેરેએ સર્વોપરિ શાસ્ત્રીય પ્રમાણરૂપે સ્વીકારેલ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના પ્રમાણરૂપ શાસ્ત્રીય ચિંતન અર્થે ગોસ્વામી શ્રી પીયૂષબાવા દ્વારા ચિંતન સત્રનું આયોજન કરાયું છે.

ગીતા મહોત્સવ નિમિત્તે તા.૧૦-૧૧ના ગીતાજી પ્રદર્શન, પ્રવચનસત્રા, ગીતાજી સ્પર્ધા, બ્રહ્મસંબંધ વગેરે યોજાશે.

ગીતાજી પ્રદર્શન તા.૧૦મીના રાત્રે ૮ થી ૧૧ તથા તા.૧૧ના સાંજે ૫ થી ૮ દરમ્યાન ગીતાજી પ્રદર્શન નિહાળવાનો લાભ મળી શકશે.

ગીતાજી સ્પર્ધા તા.૧૧ના રવિવારે સવારે ૯ થી ૧૨ ગીતાજી સ્પર્ધા યોજાશે. જેમાં ૭ થી ૧૧ વર્ષના તથા ૧૨ થી ૧૮ વર્ષના બાળકો-કિશોરો ભાગ લઈ શકશે. સ્પર્ધાના વિજેતાઓને સાંજે પ્રવચન સત્ર દરમ્યાન ઈનામો અપાશે.

પ્રવચન સત્રા તા.૧૦મીના શનિવારના રાત્રે ૯ વાગે ગોસ્વામી પીયુષબાવા 'ગીતાજી-જીવન દ્રષ્ટિ' વિષય પર વકતવ્ય આપશે. તા.૧૧ના રવિવારે સાંજે પાંચ વાગે પ્રવચન તથા વૈષ્ણવોના પ્રશ્નોનું સમાધાન કરાશે તથા અન્ય કાર્યક્રમોના આયોજનો કરાયા છે.

શુભ સ્થળ પ્રવચન સત્ર, પ્રદર્શન તથા સ્પર્ધા વગેરેનું આયોજન ૪૮, એવન્યુ, સિલ્વર એવન્યુ સામેના મેદાનમાં હરિદ્વાર હેબીટેટ સામે, સ્પીડવેલ ચોક રાજકોટ ખાતે કરવામાં આવેલ છે.

બ્રહ્મસંબંધ દીક્ષા તા.૧૧મીના રવિવારે સવારે ૭ વાગે શ્રી વલ્લભગૃહમ, ૩/૯ કોર્નર, બાલમુકુંદ પ્લોટ, સિસ્ટમ નિવેદિતા સ્કૂલની પાછળ, યુનિ. રોડ રાજકોટ ખાતે (રાજ ભલાણી-૯૪૦૮૮ ૮૮૦૨૬, રવિ ગોઠી-૭૩૮૩૭ ૩૦૬૬૬) કરવામાં આવેલ છે.

ઉપરોક્ત ગીતા જ્ઞાન મહોત્સવમાં વૈષ્ણવોને પધારવા પુષ્ટિ સંસ્કારધામ સમિતિ દ્વારા અનુરોધ થયો છે. વિશેષ વિગત માટે પરષોતમભાઈ (રવની) પટેલ-મો. ૯૪૨૮૦ ૦૩૪૭૨ અથવા અમિતભાઈ-મો. ૯૯૭૯૯ ૪૯૬૦૭નો સંપર્ક કરવો.

રાજકોટના સ્વામિનારાયણ ગુરુકુળમાં ખ્યાતનામ ખગોળ વૈજ્ઞાનિક ડો.જે.જે.રાવલનું વ્યાખ્યાન યોજાયું

રાજકોટ,

ઈન્ડિયન પ્લેનેટરી ના અધ્યક્ષ તેમજ મુંબઈના નેહરુ પ્લેનેટોરિયમના ભૂતપૂર્વ ડિરેક્ટર એવા જાણીતા ખગોળશાસ્ત્રી અને ગુજરાતના પનોતા પુત્ર એવા ડો. જે. જે. રાવલ સાહેબે ગુરુકુળના વિદ્યાર્થીઓ સાથે ખગોળ વિજ્ઞાન અંગે ગોષ્ઠી કરી હતી. જે અંતર્ગત તેમણે બ્રહ્માંડની ભવ્યતા અને વિશાળતા અંગે સમજણ આપી હતી. તેઓએ ગુજરાતી અંગ્રેજીમાં આશરે ૨૦૦૦ જેટલા લેખો લખ્યા છે તેમજ રેડિયો- ટી.વી. પર અનેક વાર્તાલાપો અને ઈન્ટરવ્યૂ આપ્યા છે. ડઝનેક જેટલા દેશોની તેમણે ડઝનેક વખત મુલાકાતો લીધી છે.

ડો. રાવલ સાહેબે પીપીટીના માધ્યમથી બાળકોને ખગોળીય જ્ઞાન પીરસ્યું હતું. આ ઉપરાંત લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટના સાયન્સ કો-ઓર્ડીનેટર એવા નિલેશભાઈ રાણા સાહેબે પણ અંગે બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબ વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ આપી હતી. શાળાના સંચાલક જનમંગલદાસજી સ્વામી તથા પ્રિન્સિપાલ શ્રી કિશોરભાઈ દવે તેમનું સ્વાગત સન્માન કર્યું હતું. આ કાર્યક્રમ ગોઠવવા માટે શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી હિતેશભાઈ ભુંડિયાએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

વિંછીયામાં ભૂગર્ભ ગટર, સી.સી.રોડ - પેવર બ્લોકના રૂ. ૫.૧૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ

રાજકોટ,

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે વિંછીયામાં ભૂગર્ભ ગટર, સી.સી. રોડ તથા પેવર બ્લોકના રૂ. ૫.૧૦ કરોડના વિકાસકામોનું શુક્રવારે સાંજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અગ્રણી શ્રી અશ્વિનભાઈ સાંકળીયા, અન્ય મહાનુભાવો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.